પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૩ | ૧૪ ડિસેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; માગશર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આજે RBI બોર્ડની મહત્વની બેઠક

મુંબઈ,તા. ૧૩

સ્વાયત્તા અને અન્ય મુદ્દાઓ ઉપર કેન્દ્ર સરકાર સાથે મતભેદો વચ્ચે આવતીકાલે રિઝર્વ બેંકની સેન્ટ્રલ બોર્ડની બેઠક યોજાઈ રહી છે. આ બેઠક ઉપર કોર્પોરેટ જગત, શેરબજાર અને અન્ય તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બોર્ડમાં આરબીઆઈના ગવર્નન્સ સ્ટ્રક્ચર પર ચર્ચા કરવા એક કમિટિની રચના કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉપરાંત ફાઈનાન્સિયલ સિસ્ટમમાં લિક્વિડીટીની પરિસ્થિતિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# કોંગ્રેસમાં કોકડું ગુંચવાયું

**રાજસ્થાનમાં ગેહલોત અને પાયલોટ, મધ્યપ્રદેશમાં સિંધીયા અને કમલનાથ જ્યારે છત્તીસગઢમાં બુઘેલ અને સિંઘના જુથો સામ-સામે આવી જતા હાઈકમાન્ડ માટે પણ મુખ્યમંત્રીની પસંદગી મુશ્કેલ બની રહી : મોડી રાત સુધી રજૂઆતોનો દોર ચાલ્યો**

નવી દિલ્હી, તા. ૧૩

રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી કોણ રહેશે તેને લઈને ભારે ઘમસાણની સ્થિતિ આજે સતત બીજા દિવસે જારી રહી હતી. રાજસ્થાનમાં એકબાજુ સચિન પાયલોટના સમર્થકોએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. આખરે સચિન પાયલોટે શાંતિ જાળવી રાખવા માટે સમર્થકોને અપીલ કરી હતી. બીજી બાજુ બેઠકોનો દોર મોડી રાત સુધી જારી રહ્યો હોવા છતાં બંને રાજ્યોમાં મડાગાંઠની સ્થિતિ રહી હતી. રાજસ્થાનમાં સચિન પાયલોટ અને અશોક ગેહલોત વચ્ચે અને મધ્યપ્રદેશમાં જ્યોતિરાદિત્ય સિંધિયા અને કમલનાથ વચ્ચે ખેંચતાણનો દોર જારી રહ્યો હતો. રાહુલ ગાંધીએ જુદી જુદી રીતે બેઠકો પણ યોજી હતી. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ બેઠકો કરીને સ્થિતિને હળવી કરવા આ પ્રયાસ કર્યા હતા. ડેમેજ કન્ટ્રોલના પ્રયાસો પણ કરાયા હતા. બીજી બાજુ ગહેલોત અને સચિન પાયલોટના સમર્થકો તેમના ઘરની બહાર જમા થયા હતા. આજે બપોરે અશોક ગેહલોતના સમર્થકોએ એરપોર્ટ પર જઈને

● અનુસંધાન પાન-૭ પર

## તેલંગાણાના મુખ્યમંત્રી પદે કેસીઆરની તાજપોશી

હૈદરાબાદ, તા. ૧૩

તેલંગણાના મુખ્યપ્રધાન તરીકે ટીઆરએસ પ્રમુખ કે ચન્દ્રશેખર રાવની આજે તાજપોશી કરવામાં આવી હતી. સાતમી ડિસેમ્બરના દિવસે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં તેમના નેતૃત્વમાં પાર્ટીએ રેકોર્ડ જીત મેળવી હતી.સતત બીજી વખત તેઓ મુખ્યપ્રધાન બન્યા છે. આજે રાવને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. હૈદરાબાદ ખાતે રાજભવન ખાતે આયજિત સાદા કાર્યક્રમમાં રાજ્યપાલ એલ. નરસિંહમને તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

|| Jay Khimashia Dada ||

INDIA's Premier Exhibition on Food Processing, Packaging, & Hospitality

16th Edition Khadhya® Khurak FOOD OF INDIA 2018



Inaugural Guest
Hon'ble Shree Vijay Rupani
Chief Minister , Gujarat State

14th to 17th December, 2018 • Gandhinagar

Inauguration

On 14th December, 2018 at 9.45 a.m

: Venue :
Exhibition Center, Gate No. 9, Helipad Grounds, Nr. Udyog Bhavan, Gandhinagar (Gujarat)

નવા ફુડ બિઝનેસ સ્થાપવા તેમજ વર્તમાન ફુડ બિઝનેસને અપગ્રેડ કરવા અવશ્ય મુલાકાત લો...ભારતનું ભવ્ય પ્રદર્શન

ખાદ્ય ખોરાક 2018 14,15,16,17 ડિસેમ્બર

ખાદ્ય ઉત્પાદક, ટ્રેડર્સ, સપ્લાયર્સ, એક્સપોર્ટર, ઈમ્પોર્ટર, તેમજ ખાદ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ માટે અનેક નવી પ્રોડક્ટ્સ તેમજ મશીનરી જોવાની ઉત્તમ તક... હોટલ, રેસ્ટોરન્ટ, કેટરીંગ, બેકરી, મીઠાઈ, ફરસાણ, ડેરી, આઈસ્ક્રીમ, બેવરેજીસ, સોડા, નમકીન, ગૃહ ઉદ્યોગ, આયુર્વેદ, પેકેજીંગ, રેફ્રીજરેશનની વિવિધ અત્યંત આધુનિક મશીનરી, સંપૂર્ણ પ્લાન્ટ અને ફૂડ પ્રોડક્ટ્સ ગૃહ ઉદ્યોગ, મધ્યમ ઉદ્યોગ તેમજ મોટા ખાદ્ય ઉદ્યોગ સ્થાપવાની સુવર્ણ તક...

સ્થળ : હેલીપેડ ગ્રાઉન્ડ્સ, ગેઈટ નં : ૯, ઉદ્યોગ ભવન પાસે, ગાંધીનગર.

www.khadhyakhurak.com સવારે 10.00 થી સાંજના 6.00 ખાદ્ય સંબંધિત વ્યાપારીઓ માટે.

KHIMASHIA ASSOCIATES Uplifting INDIAN Food & Hospitality Industry | Hindi Monthly खुराक हिन्दी मासिक KHIMASHIA PUBLICATIONS | Gujarati Monthly ખાદ્ય ખોરાક ન્યૂઝ KHADHYA KHORAK NEWS

## ફરાર અબજોપતિ મેહુલ ચોક્સી સામે રેડકોર્નર નોટિસ જારી કરાઈ

**પંજાબ નેશનલ બેંક સાથે ૧૩૦ અબજ રૂપિયાની ઠગાઈ મામલે સકંજો : મેહુલ ચોક્સીની અટકાયત કરવા સભ્ય દેશને ઇન્ટરપોલ દ્વારા સૂચના અપાઈ : સીબીઆઈની વિનંતીના આધાર ઉપર આખરે રેડકોર્નર નોટિસ જારી કરાઇ**

નવી દિલ્હી, તા. ૧૩

ફરાર ઉદ્યોગપતિ મેહુલ ચોક્સી સામે ઈન્ટરપોલે રેડકોર્નર નોટિસ જારી કરી દીધી છે. પોતાના ભત્રીજા નિરવ મોદી સાથે મળીને ૧૩૦ અબજ રૂપિયાની કિંમતની પંજાબ નેશનલ બેંક સાથે છેતરપિંડીના મામલામાં મેહુલ ચોક્સી આરોપી તરીકે છે. મેહુલ ચોક્સી આ વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ભારતમાંથી ફરાર



થઈ ગયા હતા. મેહુલ ચોક્સી અને તેમની કંપનીઓએ ૭૦ અબજ રૂપિયાની બેંક સાથે છેતરપિંડી કરી હતી. મેહુલ ચોક્સીએ એન્ટીગુવાની નાગરિકતા હાંસલ કરી લીધી છે. તેઓએ આરસીએમની માંગ કરીને સીબીઆઈની અવધિની સામે રજૂઆત પણ કરી છે. ઈન્ટરપોલ દ્વારા મેહુલ ચોક્સી સામે સીબીઆઈની અપીલના આધાર પર રેડકોર્નર નોટિસ જારી કરી દીધી છે. સીબીઆઈના પ્રવક્તા અભિષેક દયાલે આજે આ મુજબની વાત કરી હતી. ચોક્સીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, તેમની સામે રહેલા કેસ રાજકીય કાવતરાના પરિણામ સ્વરુપે છે. સુત્રોએ કહ્યું છે કે, ભારતમાં જેલની સ્થિતિ જેવા મુદ્દાઓને લઈને પણ સંતોષજનક જવાબો મોકલ્યા છે. પોતાની પર્સનલ સુરક્ષા અને

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

ઓફિસ બોય તરીકે કામ કરી શકે એવા માણસોની જરૂર છે.

: કોનટેક્ટ :
૯૯૭૪૭ ૪૨૨૮૮

તૃતીય વાર્ષિક પૂણ્યતિથિએ **શ્રધ્ધાંજલિ**



**સ્વ.પાર્થ પંકજભાઈ રાજપૂત**

જન્મ તા.૧૭/૦૭/૧૯૯૧ | પ્રભુ શરણ તા.૧૪/૧૨/૨૦૧૫

यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् |
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावित: || ||

Whatever State Of being one remembers when he quits his body.
O Son of Kunti that state he will attain without Fail.

પંકજભાઇ રણછોડભાઇ રાજપૂત
હેમલતા પંકજભાઇ રાજપૂત (પત્ની)
મોનીષકુમાર હસમુખભાઇ ચાવડા (જમાઈ) સમીક્ષા મોનીષકુમાર ચાવડા (પુત્રી)
અક્ષયકુમાર હેમેન્દ્રકુમાર ખમાર (જમાઈ) ધારા અક્ષયકુમાર ખમાર (પુત્રી)
નિષ્ઠા, આરવ (ભાણેજ)

**આજે 22 માં વર્ષમાં મંગલ પ્રવેશ**

૧૪ ડિસેમ્બર, ૧૯૯૭માં શ્રીગણેશ કરી આપ સૌના સહકાર અને સહયોગથી હોટલ ઘુંઘટે શુભ પ્રયાણ કરી, આજે ૨૧ વર્ષની લાંબી સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી છે, ત્યારે આ શુભ દિને હોટલ ઘુંઘટ પરિવાર હૃદયપૂર્વક, અંતઃપૂર્વક આપ સૌ માટે આભારની લાગણી વ્યક્ત કરે છે... સાથે આ સફર વણથંભી બની ઉત્તરોત્તર પ્રગતિ કરતી સફળતાની ટોચે પહોંચે અને પ્રથમ રાજ્યમાં, પછી રાષ્ટ્રમાં અજોડ - અદ્વિતિય બને તેવી ચાહના - ભાવના રાખી આપ સૌને સાથ-સહકાર તેમજ સહવાસ મેળવવા આ શુભ દિને આપ સૌને હાર્દિક આવકારે છે.

● ભોજન જેનું સર્વોત્તમ ને રૂમ છે જેના બેસ્ટ
● જમવા માટે - રહેવા માટે હોટલ ઘુંઘટ શ્રેષ્ઠ

હોટલ ઘુંઘટ
ગાર્ડન રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટ હાઉસ

સેક્ટર-૨૬, ક-રોડ, જી.આઈ.ડી.સી.ની બાજુમાં, ગાંધીનગર - માણસા રોડ, ગાંધીનગર - ૩૮૨૦૨૬
મો. ૯૮૨૫૩ ૦૦૧૬૧, ૭૦૪૬૦ ૧૧૨૭૦ ● www.hotelghunghat.com

● પંજાબી ● ચાઈનીઝ ● કોન્ટીનેન્ટલ ● સાઉથ ઈન્ડિયન ●
તેમજ ગુજરાતી થાળી સાથે રહેવાની ઉત્તમ સગવડ

● શુટ રૂમ - સુપર ડીલક્ષ - ડબલ ડીલક્ષ ● એ.સી. કોન્ફરન્સ હોલની સુવિધા ● લગ્ન રીસેપ્શન, બર્થ-ડે, ગેટ-ટુ-ગેધર માટે વિશાળ પાર્ટી પ્લોટ ● સાથે ચિલ્ડ્રન પાર્ક સાથે વિશાળ પાર્કીંગ

૧૪ ડિસેમ્બરથી શિયાળાની ઋતુમાં શિયાળાની વાનગી
● બાજરીનો રોટલો ● રીંગણ ભડથું ● ખીચડી ● કઢી
કાઠીયાવાડી સ્વાદમાં ગુજરાતી થાળી સાથે એજ ભાવમાં સાંજે જમો

આજના હરખના દિને ગુજરાતી થાળી સાથે મીઠાઈની મિજબાની અને પંજાબી-ચાઈનીઝ ચટાકેદાર સ્વાદ સાથે આકર્ષક ૧૦ ટકા વળતર